# વર્લ્ડ ડિસએબિલિટી ડેની ઉજવણીમાં

# મેટામોર્ફોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સફોર્મેશન અને એબિલિટી ઓન વ્હીલ્સ દ્વારા 'ઉત્તમ આવતીકાલ' માટે સહયોગ સધાયો



તસવીર હબીબખાન અશરફી

**ગુડલક ન્યૂઝ, અમદાવાદ**

વર્લ્ડ ડિસએબિલિટી ડે નિમિત્તે અમદાવાદ સ્થિત મેટામોર્ફોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સફોર્મેશન કે જે ભારતનું ભાવિ ટ્રેનિંગ, કન્સલ્ટેશન અને કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ છે અને સમાજ, સંસ્થા કે વ્યક્તિગત રીતે પરિવર્તનને સતત વેગ આપે છે. તેના દ્વારા આજે તેની ફિઝિકલી ચેલેન્જ્ડ લોકો માટે રોજગારીની તકો આપતા મિશન એબિલિટી ઓન વ્હીલ્સ સાથે સહયોગ સાધ્યો છે. ૩ ડિસેમ્બરનો દિવસ વર્લ્ડ ડિસએબિલિટી ડે તરીકે ઉજવાય છે. જેમાં મેટામોર્ફોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સફોર્મેશન અને એબિલિટી ઓન વ્હીલ્સ સાથે મળીને વિકલાંગ લોકો માટે રોજગારીની તકો અંગે એએમએ ખાતે અવેરનેસ કેમ્પેન શરૂ કર્યું છે. આ બંને સંસ્થાઓને આ કેમ્પેન આગળ ધપાવવા માટે દશુકિર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટનો સહયોગ સાંપડ્યો છે. આ ઉમદા કાર્ય અંગે મેટામોર્ફોસિસના ડિરેક્ટરે કહ્યું હતું કે મેટામોર્ફોસિસ ઈનસ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સફોર્મેશન અને એબિલિટી ઓન વ્હીલ્સ સાથે મળીને દશુકિર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ડિસએબિલિટિઝ સાથે મોબિલિટી અને ડ્રાઈવિંગના ક્ષેત્રમાં કાર્ય કરશે. આજે એક્સેસિબલ ઈન્ડિયા ઘણો હોટ અને ટ્રેન્ડિંગ સબ્જેક્ટ છે. એક્સેસિબિલિટી અને મોબિલિટી આપણા દેશમાં સૌથી મહત્ત્વના મુદ્દાઓ છે. આપણે આ બે મુદ્દાઓને સામેલ કર્યા વિના ફિઝિકલી ચેલેન્જ્ડ લોકો માટે જીવન સાનુકૂળ બનાવવાની કામગીરી ન કરી શકીએ.